




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ અંક : ૨૬ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ છઠ, સોમવાર ૯ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦


## ન્યૂઝીલેન્ડને 96 રને હરાવી ભારત ઘરઆંગણે ટી-20 વર્લ્ડકપ જીતનાર પ્રથમ દેશ બન્યો

# કપ સતત બીજીવાર, આવું તો પહેલીવાર



**સેમસન,** ઇશાનની અર્ધસદીઓથી ભારતે ફાઇનલમાં 255 રનનો સર્વાધિક સ્કોર બનાવ્યો

**બુમરાહની** આગેવાનીમાં બોલરોએ ન્યૂઝીલેન્ડનો 159 રનમાં વિંટો વાળી દીધો

**સતત** બીજીવાર વર્લ્ડકપ જીતીને ટાઇટલ ડિફેન્ડ કરનારો પણ ભારત પ્રથમ દેશ

**સંજૂ** સેમસન પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ અને જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ મેચ

**અમદાવાદ, તા. 08 :** અમદાવાદના એ જ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં, જ્યાં ત્રણ વર્ષ પહેલાં ભારતનું વર્લ્ડ ચેમ્પિયન બનવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું હતું, સૂર્ય સેનાએ ઈતિહાસ રચ્યો છે. રોહિત શર્માની આગેવાની હેઠળની ટીમે 2023ના ODI વર્લ્ડ કપ ફાઇનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારનો સામનો ...અનુસંધાન પાના 2 પર

### નોકઆઉટ મેચમાં સર્વાધિક સ્કોર બોક્સ

ટી-20 વર્લ્ડકપ નોકઆઉટ મેચમાં સૌથી વધુ ટીમ સ્કોર

| ટીમ | હરીફ | સ્થળ | સ્કોર | વર્ષ |
|---|---|---|---|---|
| ભારત | ન્યૂઝીલેન્ડ | અમદાવાદ | 255/5 | 2026 |
| ભારત | ઈંગ્લેન્ડ | મુંબઇ | 253/4 | 2026 |
| વેસ્ટ ઈન્ડિઝ | ઓસ્ટ્રેલિયા | કોલંબો | 205/5 | 2012 |
| ઓસ્ટ્રેલિયા | પાકિસ્તાન | ગ્રોસ આઇલેટ | 197/7 | 2010 |
| વેસ્ટ ઈન્ડિઝ | ભારત | મુંબઇ | 196/3 | 2016 |

### શાબાશ, ટીમ ઈન્ડિયા : મોદીના અભિનંદન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે ભારતીય ક્રિકેટ ટીમને ICC મેન્સ T20 વર્લ્ડ ...અનુસંધાન પાના 2 પર

## ટી-20 વર્લ્ડકપ ફાઇનલમાં સર્વાધિક વ્યક્તિગત સ્કોરનો સંજૂ સેમસનનો રેકોર્ડ

**અમદાવાદ, તા. 08 :** ટી-20 વર્લ્ડકપમાં આજે રવિવારે અહીં રમાયેલી ફાઇનલમાં ભારતીય બેટ્સમેન સંજુ સેમસને અર્ધસદી ફટકારીને ઈતિહાસ રચ્યો હતો. સેમસને ફક્ત 46 બોલમાં 5 ચોગ્ગા અને 8 છગ્ગાની મદદથી 89 રન ફટકારીને ફાઈનલમાં સર્વાધિક વ્યક્તિગત સ્કોરનો રેકોર્ડ બનાવ્યો હતો. આ પહેલા વેસ્ટઈન્ડિઝના માર્લોન સેમ્યુઅલ્સે 2016માં ઈંગ્લેન્ડ સામે અને ન્યૂઝીલેન્ડના કેન વિલિયમસને 2021માં ઓસ્ટ્રેલિયા, સામેની ફાઈનલમાં 85- ...અનુસંધાન પાના 2 પર

### ફાઇનલ અને સેમી ફાઇનલમાં 50+ સ્કોર

| ખેલાડી | દેશ | વર્ષ |
|---|---|---|
| શાહિદ આફ્રિદી | પાકિસ્તાન | 2009 |
| વિરાટ કોહલી | ભારત | 2014 |
| સંજૂ સેમસન | ભારત | 2026 |

### ફાઇનલમાં સર્વાધિક વ્યક્તિગત સ્કોર

| ખેલાડી | દેશ | હરીફ | સ્કોર | વર્ષ |
|---|---|---|---|---|
| સંજૂ સેમસન | ભારત | ન્યૂઝીલેન્ડ | 89 | 2026 |
| સેમ્યુઅલ | વેસ્ટઇન્ડિઝ | ઈંગ્લેન્ડ | 85 | 2016 |
| વિલિયમ્સન | ન્યૂઝીલેન્ડ | ઓસ્ટ્રેલિયા | 85 | 2021 |

### એકસાથે ત્રણ મિથક તોડી ભારત બન્યું ટી-20 વર્લ્ડકપ ચેમ્પિયન

- યજમાન દેશ ચેમ્પિયન ન બને તે વર્ષોથી ચાલતું મિથક પણ ભારતે તોડ્યું
- સતત બે વાર કોઇ દેશે ટી-20 વર્લ્ડકપ ન જીત્યાનું મિથક પણ તોડ્યું
- ન્યૂઝીલેન્ડ સામે ટી-20 વર્લ્ડકપમાં કદી ન જીતી શકવાનું મિથક પણ તોડ્યું

ડેપોમાંથી છલકાયેલું ઓઇલ ગટરોમાં ભળતા શહેરની શેરીઓમાં જાણે કે આગની નદી વહી

પાંચ ઓઇલ ડેપોને નિશાન બનાવાયા પછી તેહરાનના આકાશમાં ઘુમાડાના ગોટેગોટા છવાયા

ઓઇલ ડેપો પરના ઇઝરાયલી હુમલાઓ પછી ઓછામાં ઓછા ચાર ટેન્કર ડ્રાઇવરો માર્યા ગયા

# ઈરાનના ઓઈલ ડેપો પર ઈઝરાયલના હુમલા

**તહેરાન, તા. 08 :** ઈઝરાયલ દ્વારા શનિવારે રાત્રે તેહરાનમાં ઈરાનના ઓઈલ સંગ્રહ ડેપોને નિશાન બનાવીને હુમલા કરાયા હતા, જેને કારણે આકાશમાં અગનજવાળાઓ જોવા મળી હતી. લગભગ 10 મિલિયનની વસ્તી ધરાવતા પાટનગર તેહરાનમાં ઇઝરાયલે તેલ સંગ્રહ સુવિધાઓને નિશાન બનાવ્યા બાદ તેહરાનમાં કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ ગયા છે . યુદ્ધમાં નાગરિક ઔદ્યોગિક સુવિધાને નિશાન બનાવવામાં આવી હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે,

ઈરાનના અધિકારીએ જણાવ્યું હતું કે અમેરિકા અને ઈઝરાયલના હુમલાથી તેહરાનની આસપાસના પાંચ તેલ સ્થળોને નુકસાન થયું છે. એક અધિકારીએ સરકારી ટીવીને જણાવ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલે ઈરાનની રાજધાની અને તેની નજીક રાતોરાત હુમલાઓમાં પાંચ તેલ સુવિધાઓ પર હુમલો કર્યો. નેશનલ ઈરાનીયન ઓઈલ પ્રોડક્ટ્સ ...અનુસંધાન પાના 2 પર







### લેબનોન પરના ઇઝરાયલી હુમલામાં લગભગ 400 લોકો માર્યા ગયા : આરોગ્ય મંત્રાલય

લેબનોનના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે છેલ્લા અઠવાડિયામાં ઇઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયેલા લોકોની સંખ્યા વધીને 394 થઈ ગઈ છે (શનિવારે આપવામાં આવેલ મૃત્યુઆંક 294 હતો). એક ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, દેશના આરોગ્ય પ્રધાને આજે વહેલી ...અનુસંધાન પાના 2 પર

### ઓઇલ ડેપો પર હુમલા બાદ ઈરાની રેડ ક્રેસન્ટની લોકોને ઝેરી એસિડ વરસાદથી બચવા ચેતવણી

ઈરાની રેડ ક્રેસન્ટ સોસાયટીના જણાવ્યા અનુસાર, યુએસ અને ઇઝરાયલી હુમલાઓથી દેશભરમાં લગભગ 10,000 નાગરિક માળખાને નુકસાન થયું છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, જૂથે લોકોને તેલ સુવિધાઓમાં લાગેલી આગના જોખમો વિશે ચેતવણી આપી હતી અને ઝેરી પ્રદૂષકોથી બચવા માટે શક્ય હોય ત્યાં ઘરની અંદર રહેવા માટે લોકોને કહ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ઝેરી એસિડ વરસાદની ચિંતાને કારણે સ્થાનિક લોકોએ ...અનુસંધાન પાના 2 પર

# રાષ્ટ્રપતિના પ્રોટોકોલનો ભંગ: કેન્દ્રે બંગાળ સરકારનો જવાબ માગ્યો

**શનિવારે** પશ્ચિમ બંગાળમાં યોજાયેલા એક કાર્યક્રમમાં આવેલા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુની મુલાકાત ટાણે રાજ્ય સરકારે શિષ્ટાચારના નિયમોનું પાલન નહીં કર્યું હોવાની ફરિયાદો ઉઠી હતી

**અન્ય** કેટલાક મુખ્યમંત્રીઓ અને નેતાઓએ પણ આ પ્રોટોકોલ ભંગ અંગે ચિંતા વ્યક્ત કરી

**કોઇ પ્રોટોકોલ** ભંગ નહીં થયો હોવાનો મમતાનો દાવો

**નવી દિલ્હી, 8 (PTI):** પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના કાર્યક્રમમાં થયેલી ચૂક અંગેના વિવાદ વચ્ચે, કેન્દ્ર સરકારે રવિવારે સાંજે 5 વાગ્યા સુધીમાં રાજ્ય સરકાર પાસે પ્રોટોકોલ, સ્થળ અને રૂટની વ્યવસ્થાના નિયમોના ઉલ્લંઘન પર જવાબ માંગ્યો છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવને લખેલા પત્રમાં, કેન્દ્રીય ગૃહ સચિવે તેમને 'બ્લુ બુક'ના પ્રોટોકોલ અને વ્યવસ્થાના નિયમોના ભંગ બદલ જવાબ આપવા જણાવ્યું છે. 'બ્લુ બુક' એ એક ગોપનીય દસ્તાવેજ છે જે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન તથા તેમના પરિવારોની સુરક્ષા અને પ્રોટોકોલ માટેના નિયમો નક્કી કરે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ શનિવારે બાગડોગરા એરપોર્ટ નજીક આદિવાસી સમુદાયના એક કાર્યક્રમમાં ઓછી હાજરી બદલ નિરાશા વ્યક્ત કરી હતી અને કાર્યક્રમનું સ્થળ બિધાનનગરથી બદલવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. ...અનુસંધાન પાના 2 પર



### રાષ્ટ્રપતિનું અપમાન મોદીએ જ કર્યું છે, અમે નહીં : મમતા

**કોલકાતા.** મમતા બેનર્જી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ વચ્ચેના અભૂતપૂર્વ વાક્યુદ્ધ અને તેના કારણે સર્જાયેલા રાજકીય અને વહીવટી વિવાદને વધુ ઉગ્ર બનાવતા, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર દેશના સર્વોચ્ચ બંધારણીય પદનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે આ જ મુદ્દે તૃણમૂલ કોંગ્રેસ (TMC) સરકાર પર મોદી દ્વારા કરવામાં આવેલા હુમલાનો વળતો જવાબ આપ્યો હતો. પોતાના દાવાના સમર્થનમાં, બેનર્જીએ એક વિશાળ કરાયેલી તસવીર બતાવી હતી જેમાં ભાજપના પીઢ નેતા એલ.કે. અડવાણી સાથે એક કાર્યક્રમમાં વડાપ્રધાન બેઠેલા જોવા મળે છે, જ્યારે રાષ્ટ્રપતિ તેમની બાજુમાં ઉભા છે. આ તસવીર કથિત રીતે માર્ચ ૨૦૨૪ ના એ કાર્યક્રમની છે જ્યારે રાષ્ટ્રપતિ મુર્મુએ અડવાણીને તેમના નવી દિલ્હી સ્થિત નિવાસસ્થાને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' થી નવાજ્યા હતા. પુરાવા તરીકે તસવીર પ્રદર્શિત કરતા બેનર્જીએ દાવો કર્યો હતો કે, આ તસવીર દર્શાવે છે કે જ્યારે રાષ્ટ્રપતિ ઉભા છે ત્યારે વડાપ્રધાન બેઠા છે. અમે ક્યારેય આવું કરતા નથી. ભાજપ જ રાષ્ટ્રપતિનું અપમાન કરવાની સંસ્કૃતિ ધરાવે છે, અમે નહીં. અગાઉ દિવસ દરમિયાન, મોદીએ રાષ્ટ્રપતિ મુર્મુ સાથે કરવામાં આવેલા વ્યવહાર અંગે TMC સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે રાજ્યના જાગૃત લોકો દેશના રાષ્ટ્રપતિ અને એક આદિવાસી મહિલા ...અનુસંધાન પાના 2 પર

**અડવાણીને એવોર્ડ આપવાના પ્રસંગે વડાપ્રધાન ખુરશીમાં બેઠા હતા અને રાષ્ટ્રપતિ ઉભા રહ્યા હતા તે સમયની તસવીર બતાવી**

## ટ્રમ્પ તાનાશાહ અને મોદી તેમના ગુલામ છે : ખડગે

**મોદી** સરકારે અમેરિકા સામે દેશના હિતોને ગીરો મૂક્યા : મલ્લિકાર્જુન

**કલબુર્ગી (કર્ણાટક):** એઆઈસીસી પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રવિવારે જણાવ્યું હતું કે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એક 'તાનાશાહ' છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમના 'ગુલામ' છે. તેમણે મધ્ય પૂર્વના ચાલુ યુદ્ધ, અમેરિકા સાથેના વ્યાપાર સોદા અને ટેરિફના મુદ્દે કેન્દ્રની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

અહીં ચિત્તાપુરમાં રૂ. 1,069 કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ બાદ જનસભાને સંબોધતાં ...અનુસંધાન પાના 2 પર

તા. ૦૮-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૧° સે. | ૨૦.૮° સે. | ૩૨% |

# આજથી સંસદનું બજેટ સત્ર ફરી શરૂ થશે

**બિરલા** વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ અને પશ્ચિમ એશિયા સંકટ છવાયેલા રહેશે

**પશ્ચિમ** એશિયા અને બંગાળના મુદ્દે સરકારને ઘેરવાની વિપક્ષની તૈયારી

**નવી દિલ્હી, તા. 8 (PTI) :** સંસદના બજેટ સત્રના બીજા ભાગની શરૂઆત સોમવારે તોફાની રહેવાની શક્યતા છે. કારણ કે, લોકસભામાં સ્પીકર ઓમ બિરલાને હટાવવા માટે વિપક્ષ દ્વારા પ્રાયોજિત પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવનાર છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ પણ મુખ્ય રીતે ચર્ચામાં રહેવાની શક્યતા છે. કારણ કે, વિપક્ષ ઈરાન પ્રત્યે સરકારના વલણ અને રશિયન તેલની ખરીદી પર અમેરિકાની 'છૂટછાટ' સહિતના અન્ય મુદ્દાઓ પર સરકાર પર પહેલેથી જ પ્રહારો કરી રહ્યો છે.

આ ઉપરાંત, ચૂંટણીવાળા પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારા (એસઆઈઆર)ના પરિણામો, જેના કારણે લગભગ 60 લાખ મતો રદ કરવામાં આવ્યા છે, તેની અસર પણ સંસદીય કાર્યવાહી પર જોવા મળી શકે છે. બિરલા વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ અનેક વિપક્ષી નેતાઓ દ્વારા આપવામાં આવ્યો હતો, જેમણે આરોપ લગાવ્યો હતો કે તેઓ ગૃહમાં 'દેખીતી રીતે પક્ષપાતી' રીતે વર્ત્યા હતા. ...અનુસંધાન પાના 2 પર